Research Review ISSN : 2321- 4708
The Refereed & Peer Review International Journal Nvo 2019, Year - 6 (79)
www.researchreviewonline.com Paper ID : RRJ000070

# સાબર ડેરીની સહકારી યોજનાઓ

રજુકર્તા
ડો. શૈલેષ બી. સોલંકી
એસોસીએટ પ્રોફેસર,
ઈતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનિર્વસિટી, વલ્લભ વિદ્યાનગર

---

વર્તમાન આર્થિક વ્યવસ્થામાં સહકારી સંગઠન ધીમે–ધીમે પ્રચાર પામતુ એક મહત્વનું આર્થિક ક્ષેત્રે જે વિવિધ સમાજ રચનાઓ અસ્તિત્વમાં આવી છે. અને એના જ સ્વરૂપે વિકસ્યા છે. તેમાં સહકાર એક વિશિષ્ટ ભાત પાડતું સંગઠન છે અને આ સંગઠન એટલુ જ મજબૂત જણાતુ ગયુ છે કે તે સંગઠનને બદલે એક આર્થિક વ્યવસ્થા તરીકે પણ ઓળખાવવા લાગ્યુ છે. આ સંગઠનની વિશિષ્ટતા એ છે કે માત્ર આર્થિક ક્ષેત્રે નહી પરંતુ સામાજિક ક્ષેત્રે પણ ખૂબ મહત્વ ધરાવે છે. સહકારના વિવિધ સ્વરૂપોનો વિકાસ થયેલો હોવાથી ખરેખર સહકાર એ શું છે તેની સાદી સમજ સંક્ષેપમાં આપવાનું કામ મુશ્કેલ છે. વિવિધ દેશોમાં સહકારની રજુઆત જુદા જુદા ક્ષેત્રે થયેલી હોવાથી સર્વે સ્વીકૃત અને સર્વ વિગતોને આવરી લે એવી વિશાળ વ્યાખ્યા આપવામાં મુશ્કેલીઓ રહેલી છે. પરંતુ જે–જે પ્રવૃતિઓ સહકારના ધોરણે ચાલતી હોય તે બધાનું હાર્દ એકસરખુ રહે છે અને આષ્ટિબિંદુને લક્ષમાં રાખીને વિવિધ લેખકોએ સહકારની વ્યાખ્યા આપવાનો પ્રયત્ન કર્યો છે અને તેને આધારે સહકારના સિધ્ધાંતો તેમજ સહકારની મુખ્ય પ્રવૃતિઓ જાણી શકાય છે.

આજે તો ભારતમાં ખેતી પશુપાલન ઉદ્યોગ અને જાહેર સેવાઓ વગેરે ક્ષેત્રોમાં સહકારી પ્રવૃતિએ ઉત્તમ પરિણામો પ્રાપ્ત કર્યા છે તે ઉપરથી જ કહી શકાય કે ઓછી મૂડી મર્યાદિત સાધનો અને શ્રમની બહુલતાવાળા ભારતીય અર્થતંત્રમાં ગ્રામ અને શહેરી ક્ષેત્રમાં મુડીવાદી શોષણ સામે લોકોની આર્થિક સ્થિતિ સુધારવામાં સહકારી પ્રવૃતિ અસરકારક સાધન બની રહ્યું છે.

૧૯૦૪ થી શરૂ થયેલી સહકારી પ્રવૃતિ ઈતિહાસમાં વિવિધ મુકામોએ નવરચના પામીને આજે તે પ્રમાણે અને અસરકારકતામાં ખૂબ જ વિકાસ પામી છે.

**સાબર ડેરીની સહકારી યોજનાઓ :**

સાબર ડેરી તેના કાર્યો આયોજનમાં સભાસદોના વિકાસ માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકે છે. જે સહકારી ધોરણે દૂધના ધંધામાં ખૂબ જ અસરકારકપૂર્વક સફળ થાય છે અને જિલ્લામાં ૧,૪૦,૦૦૦ સભાસદોના માળખાને સંયુકત રીતે સંગઠીત કરી અને તેનું સહકારી માળખુ મજબૂત બનાવી છેલ્લા ૩૮ વર્ષથી અવિરતપણે વિકાસકૂચ કરી દિન–પ્રતિદિન ઉત્તરોતર યોજનાઓમાં સમય બંધ રીતે આગળ વધી રહે છે અને નગર, રાજય કે દેશ નહી પણ એશિયાખંડમાં તેની આગવી પ્રતિભા ઉભી કરી છે.

સાબરડેરી દ્વારા ચાલતી યોજનાઓ નીચે પ્રમાણે છે.

**૧. વેટરનરી યોજના :**

સાબરડેરી સભાસદોના જાનવરોમાં આરોગ્ય જળવાય તે માટે જિલ્લામાં ૧૨ વેટરનરી સેન્ટરો દ્વારા નિષ્ણાંત વેટરનરી ડોકટરોથી ૭ લાખ જાનવરોની આરોગ્યની જાળવણી કે તપાસ કરે છે અને ૫૦ રૂા. જેટલી નહિવત ફી લઈ જેમાં ૨૦૦૦ની દવાઓ થાય છે. કોઈ ઓપરેશનો હોય તો પણ ફકત રૂા. ૫૦/– માં

ISSN : 2321- 4708
Nvo 2019, Year - 6 (79)
Paper ID : RRJ000070

જાનવરની સેવા થાય છે. આટલી સસ્તી દવાઓ પ્રાઈવેટ કંપની કે ગવર્મેન્ટ કરી શકતી નથી. જેથી સભાસદોમાં વિશ્વાસ પેદા થયો છે અને વર્ષે લાખો કેસો દ્વારા જાનવરોનું આરોગ્ય જતન કરે છે.

**૨. સાબરદાણ :**

જિલ્લાના દૂધ ઉત્પાદકોના જાનવરોના આરોગ્ય માટે સાબરડેરી ૧૯૭૮માં ૨૦૦ ટન સાબરદાણની ફેકટરી શરૂ કરી જે ઘણા જાનવરોના આરોગ્યમાં સંપૂર્ણ ખોરાક તરીકે સમતોલ આહાર પૂરો પાડે છે. જેમાં અનાજ, પાપડી, વિવિધ બોર, વિટામીન, પ્રોટીન, ગોરની રસી વગેરે ઉમેરી દળી તેમાંથી લોખંડ અને પથ્થર વગેરે લોહચુંબક દ્વારા ખેંચી લઈ બાકી તેને ગોળીના રૂપમાં સુકવી ૭૦ કિ.ગ્રા. પેકીંગમાં સભાસદોને ઘેરબેઠા ક્રેડીટ ઉપર સભાસદોને વિતરણ કરે છે. સાબરદાણ પ્લાન્ટને વર્ષ દરમ્યાન પૂર્ણક્ષમતાએ ચલાવીને ૧,૦૫,૩૦૦ મે. ટન સાબરદાણ ઉત્પાદન કરેલ છે. જે ગયા વર્ષની સરખામણીએ ૩૦૦ મે. ટન વધુ છે. પશુમાં વધુ દૂધ ઉત્પાદકતા જાળવી રાખવા માટે જરૂરી સાબરદાણ આપણા દૂધાળા પશુઓને ખવડાવવું. આપણો સાબરદાણનો પ્લાન્ટ દૈનિક ૩૦૦ મે.ટનની પૂર્ણ ક્ષમતાથી પણ વધારે ઉત્પાદન કરે છે.

**૩. ઘાસચારા અને પશુ સંવર્ધન યોજના :**

સાબરડેરી છેલ્લા ૨૦ વર્ષથી ઘાસચારા અને પશુ સંવર્ધન સંકુલ અલગ ઉભો કરી ૪૩૦૦ એકરની જમીનમાં અદ્યતન પશુસંવર્ધન લેબોરેટરી દ્વારા ઉત્તમ પ્રકારના વાડા અને સાંઢનો ઉછેર કરી તેનું કૃત્રિમ બીજ એકત્રીત કરી જિલ્લામાં ૫૦૦ કૃત્રિમ બીજદાન કલોસ્ટર સેન્ટરો ઉભા કરી તાલીમ બંધ કર્મચારીઓ દ્વારા જિલ્લાના ૭ લાખ સાંઢનું બીજવેલા રીતે (વીર્ય) સ્થીર બીજદાન કરી ઉત્તમ પ્રકારની ગાયો, ભેંસોની ઓલાદો ઉપરોકત સંવર્ધન પેદા કરી શકાય છે અને તેના ઉત્તમ પરિણામો મળ્યા છે. જે આજે દૈનિક જિલ્લામાં વધુને વધુ શંકર ગાય ૩૪ લીટર દૈનિક દૂધ આપતી પ્રાપ્ત થઈ છે અને દૈનિક ૨૦ થી ૩૦ લીટર એવરેજ ગાયો પ્રાપ્ત થઈ છે. ભેંસોની અંદર નાની ઉમરે દૈનિક ૨૦ લીટર દૂધ આપતી ભેંસો જિલ્લામાં પ્રાપ્ત કરી શકાય છે.

**૪. ઘાસચારા યોજના :**

સાબરડેરી તેના સભાસદોને ઉત્તમ પ્રકારના ઘાસચારા સદરફાર્મમા ઉગાડી તેના પ્રયોગો કરી જેવા કે એન.બી.રા. પાયોનિયર જુવાર, રજકો તેમજ વિવિધ ઘાસચારા સીઝન વાઈઝ સભાસદોની માંગણીવાઈઝ પુરા પાડવામાં આવે છે. જેનાથી લીલો ચારો વધુમાં વધુ સસ્તો પડે જેથી દૂધ ઉત્પાદન વધે અને સભાસદોને દૂધના ભાવ ઉચા મળે.

**૫. રસીકરણની યોજના :**

સભાસદોના જાનવરોને વિવિધ રોગોની ફી આંકમાં સબસીડી દ્વારા સાબરડેરી વિવિધ સીઝનોમાં પશુકેમ્પો દ્વારા તેનો અમલ કરે છે. ફી આંકમાં તે તેની દવાઓ નિષ્ણાંત પશુ ડોકટરો દ્વારા રાફડો, ખરાવા, મોવાસા તેમજ ગર્ભધારણ ચિકિત્સાનું નિદાન કરી જાનવરોનું આરોગ્યનું રક્ષણ કરે છે અને વર્ષે કરોડો રૂપિયાનું પશુધન બચાવી લેવાય છે જે ફાયદો સભાસદોના ઉત્કર્ષમાં અવર્ણનીય છે.

**૬. સૂડા ચાફકટર યોજના :**

સભાસદોના જાનવરોને લીલો–સૂકો કાપીને ખવડાવવા માટે સૂડા અને ૫૦% ચાફકટર સબસીડી અપાય છે જેથી ઘાસમાં ૩૩% બચાવ કરી મોટો આર્થિક ફાયદો સભાસદોને મળે છે.

**૭. સહકારી ડેરી શિક્ષણ યોજના :**

સદર યોજના નીચે જિલ્લાની તમામ દૂધ મંડળીઓ આવરી લઈ વિવિધ શિક્ષણ યોજનાઓ જેવી કે વુમન લિડર ટ્રેનિંગ, મહિલા જાગૃતિ વિકાસ યોજના કમિટી વર્ગ, કર્મચારી વર્ગ, મહિલા સ્વસહાય બચત જૂથ યોજનાઓ શિક્ષણ વિભાગ દ્વારા નિયમિત ૭ મંડળીઓ ઉપર સહકારી ધોરણે દૂધના ધંધા વિશે વિવિધ જાણકારી સભાસદ ભાઈ–બહેન કર્મચારી વર્ગ અને કમિટી સભ્યોનો ડેરી શિક્ષણ આપી ૩ દિવસ મહિલા વર્ગ અને ૩ દિવસ સભાસદ ભાઈઓએ વર્ગ ચલાવી તેના પ્રત્યક્ષ જાણકારી માટે રૂબરૂ ડેરીમાં દરેક સભાસદ ભાઈ–બહેનોને ડેરી દ્વારા ખર્ચે ફેડરેશન દ્વારા સંપૂર્ણ ખર્ચે બતાવવામાં આવે છે જે રૂબરૂ ભણાવી તેની સંપૂર્ણ જાણકારી દૂધ, દૂધની બનાવટો કેવી રીતે બને છે તથા દૂધનો ઉપયોગ કેવી રીતે થાય છે અને દૂધના પૈસા દૂધની બનાવટો વેચી કેવી રીતે પ્રાપ્ત થાય છે તેની માહિતી મળે છે તથા પશુ સંવર્ધન અને સાબરદાણ રૂબરૂ મુલાકાતથી પોતાના પશુઓની સુધારણા માટે ડેરી નહી નફો નહી નુકશાનને ધોરણે સંપૂર્ણ પશુ આહાર પુરો પાડી સભાસદોને અમૂલ્ય સેવા પૂરી પાડે છે.

**૮. પશુઓ માટે ધિરાણ યોજના :**

દૂધ ઉત્પાદકોને પશુઓ ખરીદવા ધિરાણ મળી રહે તે માટેની યોજના અમલમાં મૂકવામાં આવી છે. સાબરકાંઠા જિલ્લા સહકારી બેન્ક, ગુજરાત રાજય સહકારી જમીન વિકાસ બેન્ક તેમજ રાષ્ટ્રીયકૃત બેન્કોના સહયોગથી ખેડૂતોને પશુ ખરીદવા ધિરાણ મળી રહે તેવી યોજના અમલમાં મૂકવામાં આવી છે. આજ સુધીમાં લગભગ ૪૫૦૦ ઢોર ખરીદવા માટે આ બેન્કો દ્વારા રૂા. ૨.૨૫ કરોડનું ધિરાણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત સમાજકલ્યાણ બોર્ડ મારફતે આર્થિક રીતે પછાત નિરાધાર બહેનોને લોન આપવાની યોજના પણ અમલમાં મુકવામાં આવેલ છે. રાષ્ટ્રીય ઉત્પાદકતા કાઉન્સીલ તરફથી ડેરીને ૧૯૮૭–૮૮ના વર્ષનો ડેરી ડેવલપમેન્ટ ઉત્પાદક એવોર્ડ તા. ૩૧–૩–૧૯૮૯ ના રોજ એનાયત કરવામાં આવ્યો છે.

**૯. સભાસદ જૂથ વિમા યોજના :**

આપણા સંઘ દ્વારા અમલી આ યોજના હેઠળ ૧૮ થી ૫૯ વર્ષની વયના સભાસદોને આવરી લેવામાં આવે છે જે અંતર્ગત કુદરતી મૃત્યુના કેસમાં રૂા. ૫૦૦૦/– અને અકસ્માતથી મૃત્યુ કેસમાં રૂા. ૨૫,૦૦૦/– તથા અકસ્માતે આંખ કે એક પગ કાયમી ધોરણે કામ કરતા બંધ થાય અથવા ઓપરેશનથી કાઢી નાખવુ પડે તેવા કિસ્સામાં રૂા. ૧૨,૫૦૦/– જે તે સભાસદને વળતર તરીકે ચૂકવવામાં આવે છે.

**૧૦. સામૂહિક પશુ વિમા યોજના :**

સદર યોજના હેઠળ સંઘ દ્વારા ૩૩% તથા દૂધ મંડળી દ્વારા ૩૩% સબસીડી દૂધ ઉત્પાદકોના જાનવરોના વિમાના પ્રિમિયમમાં આપવામાં આવે છે જે અંતર્ગત દરેક સભાસદના મહત્તમ બે જાનવરોના ૩.૪% રેઈટના બેઝીક દરથી મહત્તમ રૂા. ૪૦૦૦/– સુધીનો વિમો ઉતારવામાં આવે છે. વર્ષ દરમ્યાન ૨૫૪

ISSN : 2321- 4708
Nvo 2019, Year - 6 (79)
Paper ID : RRJ000070

દૂધ મંડળીઓના ૨૬,૭૪૪ જાનવરોને આ યોજના અંતર્ગત રૂા. ૧૩,૬૭,૭૦૩/–ની વિમા પ્રિમિયમની સબસીડી સંઘ દ્વારા ચૂકવવામાં આવેલ છે.

**૧૧. સાયલોપિટ યોજના :**

આ યોજનાનો હેતુ સાઈલેજ (ચાટણઈટ) બનાવવાનું તથા તેને પ્રચલિત કરવાનો છે. આ માટે ઓછામાં ઓછા ૧૪૦ ઘનફૂટ ઘાસચારો સમાય તેવો ખાડો બાંધવાનો રહેશે. સામાન્ય સાઈઝનો સાયલોપિટ બનાવવા ખર્ચના ૫૦% અથવા વધુમાં વધુ ૬૫૦/– સહાય તરીકે ચુકવવામાં આવશે તેમજ તેને લીલા ઘાસથી ભરવા માટેની સહાય ૧૦૦% આપવામાં આવશે. બીજા વર્ષે લીલા ઘાસચારો ભરવા માટે ફકત રૂા. ૧૦૦ સહાય મળવા પ્રાપ્ત રહેશે. આ સાયલોપિટ બનાવવા માટે ડેરી મોટો ફાળો ભજવે છે અને ગામડામાં અછત સમયે પશુઓને ઘાસચારો મળી રહે તે માટે સાયલોપિટ બનાવવા માટે સહાય આપવામાં આવે છે.

**૧૨. ગ્રામ્ય રસ્તા યોજના :**

દૂધ પરિવહન માટે કાચા રસ્તા અંગે આ સંઘે ગુજરાત સરકારશ્રીને વિનંતી કરી સંપૂર્ણ વિગતો અને માહિતી સાથે દરખાસ્ત રજૂ કરી અને તેના પરિણામે વિશ્વ બેન્કની સરલ હોડ પ્રોજેકટની યોજના ૨૬૭૦ લાખ રૂપિયાના ખર્ચે મંજૂર થઈ જે દૂધ મંડળીના ગામેથી પાકા રોડે જોડતા (દૂધ પરિવહનના રૂટને ધ્યાનમાં લઈને) ૯૦૦ કિ.મી. લંબાઈના કુલ એપ્રોચ રોડ મંજૂર થયા અને તે અંગેની કામગીરી પણ પૂરા જોશમાં ચાલી રહી છે. ઘણા બધા પાકા રસ્તા આ યોજના હેઠળ દ્રશ્યમાન થાય છે. પરિણામે જે મંડળીથી સ્થળેથી સંઘમાં દૂધ લાવવાનું ઘણુ ઝડપી અને સલામતીપૂર્ણ બન્યુ છે. આ સિધ્ધિ પણ ડેરી ઉદ્યોગના ફાળે જાય છે.

## સંદર્ભસૂચિ

**બાબુભાઈ કે. રબારી** (સંપાદક), સાબર ડેરી રજત જયંતિ – સ્મૃતિગ્રંથ, મેનેજીંગ ડીરેકટર સા.કા.જિ.સ.દૂ.ઉ.સં.લિ.

સાબરકાંઠા જિલ્લાનો એક પરિચય, જિલ્લા માહિતી કચેરી, હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાની સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., ૪૩ મો વાર્ષિક અહેવાલ (૨૦૦૬–૦૭)